1. ગ્રેગેરિયન કેલેન્ડરમાં કયા સુધારાઓ કરવામાં આવ્યા હતા?

- ખગોળક્ષેત્રે થયેલા મહત્વના સંશોધનોને કારણે ઈ.સ. 1582માં પોપ ગેગરીએ જૂલિયન કેલેન્ડરમાં સુધારા કર્યા. પંચાંગ ક્ષેત્રે સૌર વર્ષને યથાર્થતા આપવા જુના પંચાંગને દસ દિવસ પાછળ લઈ જવામાં આવ્યું અને શતાબ્દીના અંતે લીપ વર્ષના વધારાના દિવસને રદ કર્યો. આ સુધારેલા પંચાંગને 'ગ્રે ગરિયન કેલેન્ડર તરીકે ઓળખવામાં આવે છે.

2. માર્ટિન લ્યુથરની વિચારસરણીને શાથી સમર્થન મળ્યું?

- માર્ટિન લ્યુથર મનની પવિત્રતા, સરળતા અને ઈશ્વરની અનુકંપા પર વિશ્વાસ ધરાવતો હતો. તેણે કેથોલિકોની પાદરી પ્રણાલિકા પર જ સીધો પ્રહાર કર્યો. ચર્ચ માટે મહત્વનો આર્થિક સ્રોત સાબિત થયેલી પાપવિમોચન પત્રિકાનો તેણે પોતાની પંચાણું ચિતનકણિકાઓ દ્વારા વિરોધ કર્યો અને ઈ.સ. 1517માં આક્ષેપનામા સ્વરૂપે વિટનવિર્ગના દેવળ નાં દરવાજે ચિંતનકનીકા ઓ લગાવી. આથી માર્ટિન લ્યુથર ની વિચારસરણીને સમર્થન મળ્યું.

3. 'પ્રોટેસ્ટેટ આંદોલન' એટલે શું?

- માર્ટિન લ્યુથર અધ્યાપક અને પાદરી હતો. તે મનની પવિત્રતા , સરળતા અને ઈશ્વર ની અનુકંપા પર વિશ્વાસ ધરાવતો હતો. તેણે પોપના દંભી, આડબર અને ઋાચાર જોઈ તેમની પ્રણાલિકા પર પ્રહાર કર્યો, તેણે દેવી સામે બંડ પોકાર્યું. લ્યુથરે શરૂ કરેલું આદોલન સમગ્ર યુરોપમાં પ્રસરી ગયું. આ પ્રોટેસ્ટેટ આંદોલન ને કારણે ખ્રિશ્તી ધર્મ મા એક નવો પંથ અસ્તિત્વમાં આવ્યો, જે પ્રોટેસ્ટેટ પંથ તરીકે ઓળખાયો.

4. પ્રતિધર્મસુધારણા એટલે શું ? તેની જરૂરિયાત શા માટે પડી ?

- કેથોલિક દેવળસંસ્થાએ પોતાની આંતરિક શુદ્ધિ માટે જે પ્રયત્નો કર્યા તેને 'પ્રતિસુધારણા આદોલન' કહે છે. ધર્મસુધારણાને પરિણામે કેથોલિક ધર્મગુરુઓ અને શ્રદ્ધાળુઓ ને સમજાયું કે પ્રોટેસ્ટ આંદોલનને આગળ વધતું અટકાવવા કેથોલિક દેવળના અનિષ્ટો, અનાચારો અને બદીઓ દૂર કરવી જોઈએ, આથી પ્રતિપશુપારણા થઈ.

5. બિસ્માર્કને જર્મનીનો 'લોખંડી પુરુષ' શાથી કહે છે?

- ઈ.સ. 1862માં બિસ્માર્ક પશિયાનો ચાન્સેલર બન્યો, તે પ્રશિયાના જટિલ પ્રશ્નોનો નિકાલ લોહી અને લોખંડની નીતિથી લાવવા માગતો હતો. તે સશસ્ત્ર માર્ગે જમનોનું એકીકરણ કરવા અને ઓસ્ટ્રિયા સાથે યુદ્ધ કરીને તેની પાસેથી જર્મનીની નેતાગીરી છીનવી લેવા માગતો હતો તેણે ઈ.સ. 1866ના યુદ્ધમાં ઓસ્ટ્રિયાને હરાવીને પ્રશિયા ના વર્ચસ્વવાળા ઉત્તર જર્મનીના સંપની રચના કરી.
- ઈ.સ. 1870માં સેડાનના યુદ્ધમાં ફ્રાન્સને હરાવીને તેણે દક્ષિણ જર્મનીના રાજયોને ઉતર જર્મન રાજયસંઘમાં ભેળવી દઈ જર્મનીનું એકીકરણ પૂર્ણ કર્યું. આથી બિસ્માર્કને જર્મનીનો 'લોખંડી પુરુષ' કહે છે.

6. ‘પોપલાઈનની’ સમજૂતી આપો.

- ભૌગોલિક શોધખોળોને કારણે યુરોપીય સતાઓમાં એશિયા, આફ્રિકા તથા અમેરિકાની વધુમાં વધુ જમીન અને સંસાધનો મેળવવાની સ્પર્ધા થઈ. સંસ્થાનો સ્થાપવાની આ સ્પષમાં આંતરિક સંઘર્ષો ટાળવા ઈ.સ. 1494 માં પોપે વિશ્વના નકશામાં એક રેખા દોરી, જે પોપલાઈન તરીકે ઓળખાય છે. આ રેખાની પૂર્વ બાજુના દેશો પોર્ટુગલને અને પશ્ચિમ ભાજના દેશો સ્પેનને ફાળવવામાં આવ્યા.